૫-૭-૨૦૧૯. સોમવાર. નોબત ખબર-ગુજરાત (99) (૫૯)

# ન્દ્રીય યુનિયન બજેટ ઉપર પોસ્ટ બજેટ ગે માર્ગદર્શક સેમિનાર યોજાયો




ખબર-જામનગર
નગર ચેમ્બર ઓફ કોમર્સ સ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ાઈઆરસી ઓફ આઈ, ધી કોમર્શીયલ ટેક્સ ર્સ એસોસીએશન, જામનગર ન્કમટેકસ પ્રેકટીશનર્સ શન, જામનગરના સયુંકત કેન્દ્રીય યુનીયન બજેટ-૨૦ ઉપર પોસ્ટ બજેટ ા અંગે માર્ગદર્શક સેમિનાર યોજ જામનગર ચેમ્બર ખાતે માં આવેલ હતો. આ રમાં સંસ્થાના પ્રમુખ સિંહ જાડેજાએ સ્વાગત કરતા જણાવેલ કે જામનગર ચેમ્બર તથા સાથી એસોસીએશન સાથે મળી સભ્યઓને માર્ગદર્શન મળી રહે તે માટે કેન્દ્રીય યુનીયન બજેટ ઉપર પ્રતિ વર્ષ માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે જે મુજબ કેન્દ્રીય યુનીયન (પોસ્ટ) બજેટના વિશ્લેષણના કાર્યક્રમનું આયોજન કરેલ છે, વધુમાં જણાવેલ કે બજેટ જોગવાઈઓની છણાવટ નિષ્ણાંત વકતા જીગરભાઈ પટેલ દ્વારા સરળ ભાષામાં સમજણ અને માર્ગદર્શન આપવામાં આવશે તે ચેમ્બરના સર્વે સભ્યઓને ખુબ જ ઉપયોગી અને સરળ નિવડશે. ત્યારબાદ પ્રથમ સેશનમાં ઉપસ્થિત નિષ્ણાંત કરવેરાના સલાહકાર વકતા જીગરભાઇ પટેલને ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈના માનદ ખજાનચી કિરીટભાઈ ભેંડા, ઈન્કમટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશનના પ્રમુખ સંજીવભાઈ બુધ્ધ તથા ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન, જામનગરના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેક વિગેરેએ પુષ્પ ગુચ્છ અર્પણ કરી આવકારેલ હતા અને ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ જીગરભાઈ મુકેશભાઈ પટેલને મોમેન્ટો કર્યો હતો.

સેમિનારના વકતા જીગરભાઈ પટેલ વિશે સંસ્થાની કસ્ટમ અને સેન્ટ્રલ જીએસટી પેનલ ચેરમેન ભરતભાઈ ઓઝાએ વિશેષ પરિચય આપેલ અને જણાવેલ જીગરભાઈ પટેલે ન્યુ યોર્ક સ્કુલ ઓફ લો માંથી પોતાની કાયદાની ડીગ્રી મેળવેલ છે અને અમેરિકામાં ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય છે. તેઓ વિશ્વવિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે. ઈન્કમટેકસ અને કોર્પોરેટ ટેક્ષ વિષય પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોના સહલેખક રહેલા જીગરભાઈ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વકતવ્ય આપવા માટે ચેમ્બરના આમતંત્રને માન આપી પધારેલ છે.

ત્યારબાદ કેન્દ્રીય બજેટ ૨૦૧૯-૨૦ વિશે જીગરભાઈ પટેલે બજેટની વિવિધ જોગવાઈઓ વિશે છણાવટ કરતા જણાવેલ કે બજેટ દર વર્ષે રજુ થાય છે જે મુજબ આ વર્ષે બજેટ ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એક મહિલા નાણામંત્રીએ પુર્ણ સ્વરૂપનું બજેટ વહી ખાતા સ્વરૂપે રજુ કરેલ છે. બજેટમાં આગામી વર્ષોમાં ભારતના વ્યાપાર-ઉદ્યોગનો વિકાસ થાય તે માટે ખાસ કરસને એમએસએમઈને વધુ પ્રાધાન્ય આપવું જોઈતું હતું. કોર્પોરેટ ટેકસનો ૨૫ ટકાનો દર હવે રૂા.૨૫૦ કરોડને બદલે ૪૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને લાગુ પડશે. આ રાહત ભાગીદારી પેઢીને પણ લાગુ પડે તો દરેકને અનુકુળ રહે. પેટ્રોલ ડીઝલ ઉપર પ્રતિ લીટર રૂા.૧ની વધારાની એકસાઈઝ ડ્યુટી, મુદ્રા યોજના હેઠળ મહિલાઓને રૂા.એક લાખ સુધીની લોન સહાય અને તેની ભારતની અર્થ વ્યવસ્થા ઉપર અસર વિગેરે અનેક બાબતો પર સરળ ભાષામાં માર્ગદર્શન આપેલ હતું.

સમગ્ર સેમિનારનુ સંચાલન સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ હતું આભાર દર્શન સંસ્થાની ઈન્કમટેકસ અને કોર્પોરેટ લોઝ પેનલ ચેરમેન કમલેશભાઈ રાઠોડે કરેલ હતું. સેમિનારમાં ચેમ્બરના સભ્યઓ, કારોબારી સમિતિના સભ્યઓ, વિવિધ એસોસીએશન્સના પ્રતિનિધિઓ, વેપારી તથા ઉદ્યોગકારઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તથા ટેકસ પ્રેકટીશનરો બહોળી સંખ્યામાં સેમિનારમાં ઉપસ્થિત રહી અંતમાં યોજાયેલ પ્રશ્નોતરીમાં સક્રિય ભાગ લઈ તેમના પ્રશ્નો રજુ કરી જીગરભાઈ પટેલ પાસેથી માર્ગદર્શન મેળવેલ હતું.

(૬)